મહત્તમ : ૩૨.૫ ડીગ્રી
લઘુતમ : ૧૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૫૯ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરના વાતાવરણમાં અચાનક પલ્ટો

આકાશમાં વાદળો છવાયા : ઠંડીમાં આંશિક ઘટાડો

ગાંધીનગર, તા.૨૫

દક્ષિણના રાજયો પર ત્રાટકેલા વાવાઝોડા અને અરબી સમુદ્રમાં સર્જાયેલા વાવાઝોડાની સીધી અસર વાતાવરણ પર જોવા મળી રહી છે. આજ સવારથી જ વાતાવરણમાં પલ્ટો આવતા આકાશમાં વાદળો છવાયા હતા. જો કે ભેજનું પ્રમાણ વધતા ઠંડીમાં આંશિક ઘટાડો જોવા મળ્યો હતો.

ગાંધીનગર શહેરના વાતાવરણમાં આજ સવારથી જ પલ્ટો જોવા મળ્યો હતો. આકાશમાં વાદળો છવાયા હતા. ઠંડીની સિઝનમાં આકાશમાં વાદળો છવાતા ખેડૂતો ચિંતામાં મૂકાયા હતા. વાદળછાયા વાતાવરણને કારણે તડકો મંદ પડયો હતો. કયારેક તો એવું લાગતું હતું કે હમણાં કમોસમી ઝાપટું પડશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર હાલમાં દક્ષિણના રાજયોમાં વાવાઝોડું ત્રાટકયું છે. ઘણા રાજયોમાં મુશળધાર વરસાદ પડી રહ્યો છે. આ ઉપરાંત અરબી સમુદ્રમાં પણ એક વાવાઝોડું સર્જાયું છે. આ બંને વાવાઝોડાની સીધી અસર વાતાવરણ પર થઈ રહી છે. આકાશમાં વાદળો છવાઈ જવાની સાથે ભેજનું પ્રમાણ વધ્યું હતું. ભેજનું પ્રમાણ વધતા બે દિવસથી સતત વધી રહેલી ઠંડીમાં આંશિક ઘટાડો જોવા મળ્યો હતો.

ગઈકાલે ગાંધીનગર શહેર રાજયનું સૌથી ઠંડુ શહેર રહ્યું હતું. એક તબક્કે તાપમાન ૧૧ ડિગ્રીએ પહોંચી ગયું હતું. વાતાવરણમાં આવેલા પલ્ટા બાદ ઠંડીમાં આંશિક ઘટાડો થયો હતો. લઘુત્તમ તાપમાનમાં દોઢ ડિગ્રી જેટલો વધારો થયો હતો. લઘુત્તમ તાપમાન ૧૩ ડિગ્રી નોંધાતા ઠંડીથી સ્હેજ રાહત મળી હતી.

હવામાન વિભાગે આગાહી કરી છે કે હજુ એકાદ-બે દિવસ રાજયમાં વાદળછાયુ વાતાવરણ રહી શકે છે. કેટલાક સ્થળોએ કમોસમી વરસાદની સંભાવના પણ છે. વાવાઝોડાની અસર ઓછી થાય પછી ઠંડીમાં એકાએક વધારો થઈ શકે છે.

શાકભાજીના ભાવો ઘટતા ગૃહિણીઓને રાહત

લીલા શાકભાજીના ભાવો ઘટયાં પરંતુ ડુંગળી-બટાકાના ભાવો હજુ પણ ઉંચા

ગાંધીનગર, તા.૨૫

શિયાળો શરૂ થતાં જ શાકભાજીના ભાવોમાં સારો એવો ઘટાડો નોંધાયો છે. દિવાળીની પહેલા ખૂબ જ ઉંચા રહેલા ભાવ આવક વધતાં કાબુમાં આવ્યા છે. બજારોમાં લીલા શાકભાજીની ધૂમ આવક રહેતા ગૃહિણીઓ ખુશખુશાલ બની છે.

રાજય અને દેશમાં ભરપૂર વરસાદ બાદ શાકભાજીની આવક ખૂબ જ ઘટી ગઈ હતી જેના કારણે શાકભાજીના ભાવ ખૂબ ઉંચકાયા હતા. દિવાળી પહેલાં તો શાકભાજીના ભાવ ૮૦ થી ૧૦૦ રૂપિયો કીલો પહોંચી જતા થાળીમાંથી શાકભાજી જાણે ગાયબ થઈ ગઈ હતી અને ગૃહિણીઓનું બજેટ ખોરવાયું હતું. રોજબરોજના ઉપયોગમાં લેવાતી ડુંગળી અને બટાકાના ભાવો તો આસમાનને આંબી રહ્યા હતા. ડુંગળી અને બટાકાના ભાવો એક તબક્કે ૮૦ રૂપિયા સુધી પહોંચી ગયા હતા. ટામેટાં, દૂધી, રીંગણ જવા શાક પણ ૬૦ થી ૮૦ રૂપિયે કિલો સુધી પહોંચી ગયા હતા. ગૃહિણીઓને શું ખરીદવું તેની સમજણ જ જાણે પડતી ન હતી.

જો કે છેલ્લા એક અઠવાડિયાથી શાકભાજીની આવક ખૂબ વધી છે. શાકમાર્કેટમાં મેથીની ભાજી, પાલક, ફુદીનો, કોથમીર, લીલી ડુંગળી, મૂળા જેવી લીલી શાકભાજી ખૂબ જ નજીવા દરે મળી રહી છે. શાકની લારીઓ લીલા શાકભાજીથી છલોછલ જોવા મળી રહી છે. શિયાળુ શાક કહી શકાય તેવા વટાણા, વાલોર, તુવેરનું આગમન બજારોમાં થઈ ચુકયું છે તેની આવક વધતા ક્રમશઃ તેના ભાવો પણ કાબુમાં આવશે.

આ ઉપરાંત રીંગણ, ભટ્ટા, દૂધી, ટામેટા, ટીંડોરા જેનો ભાવ આસમાનને આંબી રહ્યો હતો તે હવે છૂટક બજારમાં ૩૦ થી ૪૦ રૂપિયે કિલો મળી રહ્યો છે. હજુ આગામી દિવસોમાં શાકભાજીની આવક ખૂબ વધશે. આવક વધતા હજુ ભાવો કાબુમાં આવશે.

રીલાયન્સ ચોકડી પાસે આવેલા વિવિધ કોમ્પ્લેક્ષમાં ખાણીપીણી બજાર ધમધમે છે. પરંતુ આ ખાણીપીણી બજારનો કચરો જયાં ત્યાં ઠાલવી દેવામાં આવે છે તે મોટી કમનસીબી છે. રીલાયન્સ ચોકડીથી ગાંધીનગર તરફ આવવાના માર્ગે ખૂબ જ કચરો ઠલવાય છે જે સ્વાસ્થ્ય માટે હાનીકારક છે.

કોવીડ હોસ્પિટલમાં છેલ્લા ૧૫ દિવસથી એસી પ્લાન્ટ બંધ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર સિવિલ હોસ્પિટલને કોવીડ હોસ્પિટલમાં તબદીલ કરતા જ દર્દીઓ માટે એસી પ્લાન્ટ તંત્ર દ્વારા નાંખવામાં આવ્યો હતો. આ પ્લાન્ટ ફીટ કરવાથી એક કલાકમાં ૧૨ એર સર્કયુલેશન થતુ હતું. જેને પગલે આ વોર્ડમાં દાખલ દર્દીઓને તેમજ સારવાર આપતા ડોકટર અને સ્ટાફ કર્મચારીઓને તાજગીસભર વાતાવરણનો અહેસાસ થતો હતો. હાલની સ્થિતિએ એક બાજુ ઠંડીનું મોજુ ફરી વળ્યું છે ત્યારે બંધીયાળ વાતાવરણમાં હોસ્પિટલમાં આ વોર્ડમાં સારવાર લેતા દર્દીઓ યોગ્ય વેન્ટીલેશનના અભાવે ગુગળામણ અનુભવી રહ્યા છે. કોરોના સંક્રમિત સ્થિતિને ધ્યાને લઈને પણ આવા સંજોગોમાં તેમને તાજી હવા મળી રહે તે અનિવાર્ય છે.

મળતી માહિતી મુજબ કોવીડ હોસ્પિટલમાં કોરોના પોઝીટીવ દર્દીઓ દાખલ થતા જ તંત્ર દ્વારા લાખો રૂપીયાનો ખર્ચ કરીને એસી સહિત વેન્ટીલેશનની સુવિધા યોગ્ય રીતે થાય તે માટે એસીનો પ્લાન્ટ ફીટ કરાયો હતો. છેલ્લા સાત માસથી આ પ્લાન્ટ નિરંતર કાર્યરત હતો. કોરોના પોઝીટીવ વોર્ડમાં આ પ્લાન્ટ થકી એક કલાકમાં ૧૨ વખત હવા અંદર-બહાર થતી રહેતી હતી, કોઈપણ વાયરસ મરી ગયા બાદ જ બહાર જાય તે માટે તંત્ર દ્વારા વોર્મર, ફીલ્ટર અને એકઝોસ્ટફેન ફીટ કરવામાં આવ્યા હતા. પરંતુ હાલના સમયે વોર્ડમાં પંખા અને બારીઓ સહિત માત્ર એકઝોસ્ટફેન કાર્યરત હોય તેમ લાગી રહ્યું છે. કોરોના વોર્ડમાં વેન્ટીલેશનના અભાવે ડોકટર સ્ટાફ સહિતના કર્મચારીઓ પણ સંક્રમિત થઈ શકે છે. જયારે કોરોના વાયરસ બહાર વાતાવરણમાં ભળી જાય તો અન્ય માર્ગ પરથી પસાર થતા વ્યકિતને પણ કોરોના થઈ શકે છે. એસી પ્લાન્ટ બંધ થવાને પગલે સ્ટાફમાં પણ તે મુદ્દે ચર્ચાઓ ચાલી રહી છે તેમ અંતરંગ સુત્રો દ્વારા માહિતી મળી છે. જયારે પહેલા વોર્ડમાં એક કલાકમાં ૧૨ વખત હવા અંદર બહાર જતી આવતી હતી. જયારે હાલ પંખા અને બારીઓ થકી વેન્ટીલેશનની પ્રકિયા શરુ છે. ત્યારે વોર્ડમાં એર વેન્ટીલેશનની કામગીરી યોગ્ય રીતે થાય તેમ દર્દીઓની લાગણી અને માંગણી છે.

જન્મદિને વધામણી

ગુંજન વોરા
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૭૯૦ ૨૯૫૧૧

પરમાર પ્રતાપસિંહ રાયસિંહ
મો. ૯૮૭૯૦૩૦૯૬૪

અલ્કાબેન નરેન્દ્રભાઈ પ્રજાપતિ
મો. ૯૭૧૪૩ ૯૫૭૫૭

મૈત્ર ગોપાલકિષ્ન સોલંકી

સ્વરા જિગ્નેશ રાવલ
મો. ૯૮૯૮૭ ૮૭૫૨૦

ખુશી આનંદભાઈ પરમાર



વિષ્ણુ આચાર્ય
મો. ૯૪૨૯૬ ૧૧૦૭૭

રાણા મેહુલભા
મો. ૮૪૦૧૬ ૯૫૭૯૬

હેતરાજસિંહ ઝાલા
મો. ૯૮૨૪૯ ૪૨૪૮૮

સતિષસિંહ ઠાકોર
મો. ૮૮૬૬૬ ૪૩૩૩૭

દેવ ઉઠી અગિયારસે તુલસી વિવાહનું અનોખું મહત્વ છે. આ અવસરે સંસ્કૃતિ સંસ્થાના પ્રતિભાબેન દવે દ્વારા વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. વેબીનારમાં ભાગ લેનાર બહેનોએ તુલસી પૂજા કરી સુખ-શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

પેન્શનરોને સરળતા કરી આપવા માંગણી

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા જણાવવામાં આવે છે કે, સાયબર ટ્રેઝરીની વેબસાઈટ ઉપર જે વિગતો પેન્શનરો અને અન્યોને મળતી હતી તે ઈ-મેલ દ્વારા પ્રાપ્ત થતી હતી પરંતુ હવે તે સહેલાઈથી ઉપલબ્ધ ન હોવાથી ઘણા નગરજનોને મુશ્કેલી વર્તાઈ રહી છે. ઈન્ટરનેટ એકસપ્લોરર દ્વારા આ તમામ વિગતો પ્રાપ્ત થાય છતાં સામાન્ય નાગરિકોને પણ વિગતો સરળતાથી મળી રહે એમ કોઈ વ્યવસ્થા કરવા આવે તેવી વસાહત મંડળના પ્રમુખ ડો. અરુણ બૂચ તથા સંસ્થાના તમામ સભ્યોની માંગ છે.

આજે ગાંધીનગર મંડળના એલઆઈસી કર્મચારીઓ એક દિવસની હડતાળ પર ઉતરશે

ગાંધીનગર, તા. ૨૫

ભારતીય જીવન વીમા નિગમના ગાંધીનગર ડિવિઝનના એલ.આઈ.સી. એમ્પ્લોયીઝ યુનિયન દ્વારા ગાંધીનગર મંડળના વર્ગ ૩ અને ૪ ના ૬૦૦થી વધુ કર્મચારીઓ તા. ૨૬મી નવેમ્બરના રોજ એક દિવસની સૂચિત હડતાળ પર ઉતરશે. અત્રે ઉલ્લેખનીય છે કે એઆઈઆઈઈએ દ્વારા આવતીકાલે દેશવ્યાપી એક દિવાસીય હડતાલનું આહ્વાન કરવામાં આવ્યું છે જેમાં ગાંધીનગર એલ.આઈ.સી. એમ્પ્લોયીઝ યુનિયન જોડાઈ રહ્યું છે.

એઆઈઆઈઈએ દ્વારા ભારત સરકારની કર્મચારી વિરોધી નીતિઓ, લોક વિરોધી નીતિઓ, કામદાર વિરોધી નીતિઓ, ખેડૂત વિરોધી આર્થિક નીતિઓ, નવી પેન્શન પદ્ધતિને રદ કરી એલઆઈસી ઓફ ઈંડિયાના કર્મચારીઓ માટે જૂની પેન્શન સ્કીમ-૧૯૯૫ ફરી લાગુ કરવા, શ્રમ કાયદો બચાવવા, આઈપીઓ દ્વારા એલઆઈસીની સ્ટોક માર્કેટમાં નોંધણી કરવાનો અને વિનિવેશ કરવાના સરકારના ઈરાદા સામે પ્રતિકાર માટે તેમજ વર્ગ-૪ માં ભરતી પ્રક્રિયા હાથ ધરવા તથા જાહેર ક્ષેત્રોમાં ખાનગીકરણ અને વિવિધ માંગણીઓના સંદર્ભમાં એક દિવસની સૂચિત હડતાળનું આયોજન કરવામાં આવ્યું છે તેવું ડિવિઝનના એલ.આઈ.સી. એમ્પ્લોયીઝ યુનિયનના સામાન્ય મંત્રી દિશાન્ત પટેલની અખબારી યાદીમાં જણાવ્યુ છે.

આજે ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીનો પાંચમો પદવીદાન સમારોહ યોજાશે

વર્ચ્યુઅલી યોજનારા સમારોહમાં શિક્ષણમંત્રી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર ખાતેની ગુજરાત ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીનો પાંચમો પદવીદાન સમારોહ તા.૨૬મી નવેમ્બર ગુરુવારના યોજાવા જઈ રહ્યો છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ પ્રાપ્ત સર્વપ્રથમ એકમાત્ર ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી આ પાંચમો પદવીદાન સમારોહ વર્તમાન કોરોના મહામારીને પગલે વર્ચ્યૂઅલ યોજાશે. આ પદવીદાન સમારોહ યુનિવર્સિટીના તત્કાલીન ડાયરેક્ટર જનરલ ડો. જે. એમ. વ્યાસના અધ્યક્ષપદે યોજાશે જેમાં મુખ્ય અતિથિ તરીકે ગુજરાતના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ઉપસ્થિત રહેશે. આ સમારંભમાં વર્ષ ૨૦૧૮-૧૯ અને વર્ષ ૨૦૧૯-૨૦ ના ૮૧૨ જેટલા વિદ્યાર્થીઓ અને ૬ પીએચડી પદ ધારકોને ડિગ્રી એનાયત કરવામાં આવશે. ઓનલાઈન પદવીદાન સમારોહનું જીવંત પ્રસારણ http://convocation.nfsu.ac.in/ પરથી સાંજે ૪.૦૦ વાગ્યાથી કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીનો આ અંતિમ પદવીદાન સમારોહ બની રહેશે, કારણ કે ગૃહમંત્રાલય-ભારત સરકાર દ્વારા આ યુનિવર્સિટીને હવે "નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી" અને 'ઈન્સ્ટિટ્યૂશન ઓફ નેશનલ ઈમ્પોર્ટન્સનો'નો દરજ્જો આપવામાં આવ્યો છે.

સરગાસણમાં પોલીસની ફલેગ માર્ચ

ગાંધીનગર, તા.૨૫

કોરોના મહામારીને ગંભીરતાથી ન લેતાં લોકો માટે હવે પોલીસ આકરા પાણીએ આવી છે. બુધવાર સમી સાંજે સરગાસણ ટીપી-૯ વિસ્તારમાં સેકટર-૭ પોલીસનો કાફલો ઉતરી પડયો હતો અને માસ્ક વગરના લોકોને દંડ ફટકાર્યો હતો. ટીપી-૯ વિસ્તારમાં દુકાને દુકાને ફરીને આ કાર્યવાહી કરાઈ હતી અને સમગ્ર વિસ્તારમાં ફલેગ માર્ચ યોજી કોરોનાની ગંભીરતાને સમજાવી હતી. જો કે પોલીસ દ્વારા આ વિસ્તારમાં લોકડાઉન પછી સૌ પ્રથમવાર આ પ્રકારની કાર્યવાહી ઓચિંતી જ કરીને લોકોને ઝડપવામાં આવ્યા હતા જેથી સરકાર દ્વારા પોલીસને અપાયેલા ટાર્ગેટ અનુસાર જ આ મુજબની કડક કાર્યવાહી થકી દંડ કરવામાં આવ્યો હોવાની ચર્ચાએ જોર પકડયું હતું. છતાં પણ કેટલાક લોકોએ આ કાર્યવાહીને આવકારી હતી. હાજર પોલીસ અધિકારી પરમાર સમગ્ર કાર્યવાહીમાં ખડે પગે રહી સહેજપણ બાંધછોડના મુડમાં જણાતા નહોતા.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. પટેલ નટવરભાઈ મોતીદાસ, ઉ.વ. ૭૮, સરઢવ, તા. ગાંધીનગર
- સ્વ. ઠાકોર અમાજી સોમાજી, ઉ.વ. ૬૮, સેકટર-૨૧, ગાંધીનગર
- સ્વ. કયારાબેન કરશનભાઈ પાનખાણીયા, ઉ.વ. ૭, સેકટર-૨૬, ગાંધીનગર
- સ્વ. ગોકાજી ચુંપાજી ઠાકોર, ઉ.વ. ૭૦, પીંડારડા, તા. ગાંધીનગર
- સ્વ. પટેલ તારાબેન લાલજીભાઈ, ઉ.વ. ૬૪, સઈજ, તા. કલોલ
- સ્વ. પંચાલ ભાલકુમાર ગોકળદાસ, ઉ.વ. ૬૫, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. પુનાભાઈ હેમાભાઈ સોલંકી, ઉ.વ. ૭૨, ચાંદખેડા, અમદાવાદ
- સ્વ. દિલીપભાઈ કાન્તીલાલ ભાવસાર, ઉ.વ. ૬૦, સેકટર-૨૬, ગાંધીનગર
- સ્વ. વણઝારા રાજુ ગોમાજી, ઉ.વ. ૨૫, બોરીજ, તા. ગાંધીનગર
- સ્વ. તામ્બો લીલાબેન માણેકરાવ, ઉ.વ. ૫૫, જીઆઈડીસી, ગુડામકાન, ગાંધીનગર
- સ્વ. દેસાઈ કોદરભાઈ લાલજીભાઈ, ઉ.વ. ૭૨, હાલીસા, તા. દહેગામ
- સ્વ. મનહરલાલ મંગળદાસ શર્મા, ઉ.વ. ૬૨, વાવોલ, તા. ગાંધીનગર
- સ્વ. જગદીશચંદ્ર ફકીરચંદ શાહ, ઉ.વ. ૭૮, કોલવડા, તા. ગાંધીનગર

● રુદ્રભૂમિ અંતિમધામ ●

- સ્વ. નર્મદાબેન રમેશભાઈ દરજી, ઉ.વ. ૭૩, કુડાસણ, તા. ગાંધીનગર
- સ્વ. પ્રેમીલાબેન દશરથલાલ ભાવસાર, ઉ.વ. ૮૩, સેકટર-૭, ગાંધીનગર
- સ્વ. રાકેશભાઈ રાજેન્દ્રભાઈ પટેલ, ઉ.વ. ૪૦, સેકટર-૫, ગાંધીનગર